Saturday
03.10.2026
*Volume :11 * Issue No.91
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત · વંદે માતરમ્

# કમલમ્

KAMALAM · ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક · Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# ગાંધી જયંતિએ ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ખાદી ખરીદી કરી

### વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ખાદીના ઉપયોગ અને ખરીદીનો વ્યાપ વધારી ગરીબ જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક આધાર આપવા કરેલી અપીલનો પ્રતિસાદ આપતા મુખ્યમંત્રીશ્રી

કમલમ્,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધી જયંતિ અવસરે ગાંધીનગરમાં ખાદી હાટમાંથી ખાદી ખરીદી કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાદી ફોર ફેશન-ખાદી ફોર નેશનના મંત્ર સાથે ખાદીના ઉપયોગ અને ખાદી ખરીદીનો વ્યાપ વધારવાની કરેલી અપીલનો મુખ્યમંત્રીશ્રીએ પ્રતિસાદ આપ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પોરબંદરમાં કીર્તિ મંદિર ખાતે ગાંધી





### ડિજિટલ ટ્રાન્ઝેક્શન પેમેન્ટ કરીને વડાપ્રધાનશ્રીના ડિજિટલ ભારત સંકલ્પને વેગ આપ્યો

જયંતિ નિમિત્તે યોજાયેલી સર્વધર્મ પ્રાર્થના સભામાં સહભાગી થઈને ગાંધીનગર પરત આવતાવેંત સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના ખાદી ગ્રામોદ્યોગ હાટ પહોંચ્યા હતા. તેમણે આ ખાદી ભંડારામાંથી વિવિધ ખાદી વસ્ત્ર ઉત્પાદનો ખરીદ કરીને ડિજિટલ ટ્રાન્ઝેક્શનને વેગ આપવાના વડાપ્રધાનશ્રીના આહ્વાન અનુરૂપ ડિજિટલ પેમેન્ટ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાદીના ઉત્પાદનો અને ખાદી ખરીદી દ્વારા ખાદી વણાટ સાથે સંકળાયેલા ગરીબ જરૂરતમંદ પરિવારોના જીવનમાં આર્થિક આધાર આપવાની અનુકરણીય પહેલ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળથી શરૂ કરાવેલી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ આજે ખાદી ખરીદી કરીને તેને વધુ વેગ આપ્યો હતો. મુખ્યમંત્રી સાથે ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ તેમજ પદાધિકારીઓ પણ આ વેળાએ જોડાયા હતા.

# રાજયના નાણા મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વાપી મનપા દ્વારા શ્રમદાન કાર્યક્રમ યોજાયો

### મંત્રી કનુભાઈ અને મેયર દક્ષાબેન સહિત કોર્પોરેટરો અને પદાધિકારીઓએ સફાઈ કામદારો સાથે સ્વચ્છતા અભિયાન હાથ ધર્યુ



### તમામ લોકો સહિયારો પ્રયાસ કરીશું તો દિવાળી સુધીમાં વાપી એકદમ સ્વચ્છ અને સુંદર બની જશેઃ મંત્રી કનુભાઈ દેસાઈ



કમલમ્,વલસાડ,
સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમ અન્વયે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વાપી મનપા દ્વારા વાપી ટાઉનના હનુમાન મંદિર વિસ્તાર અને ખડકલાના હનુમાન મંદિરના વિસ્તારમાં શ્રમદાન (સફાઈ) કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, આપણા દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી એ આપણને અહિંસક રીતે આઝાદી અપાવી હતી, તેઓ સ્વચ્છતા અને શિસ્તતાના આગ્રહી હતા. તેઓ કહેતા કે, સ્વચ્છતા ત્યાં પ્રભુતા. પ્રભુનો વાસ ત્યાં થાય છે કે, જ્યાં સ્વચ્છતા હોય. તેમની આ માન્યતાને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગળ વધારી લાલ કિલ્લા પરથી સમગ્ર દેશને આહવાન કર્યુ કે, મારે પૂ. ગાંધી બાપુને સ્વચ્છ ભારત ભેટ આપવુ છે. મોદીજીના સુશાસન કાળના ૨૫ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે ત્યારે તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર સુધી સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુ હતું. જેમાં મનપાના કોર્પોરેટરો, હોદ્દેદારો અને સફાઈ કામદારોએ જોડાઈને સ્વચ્છતાને પ્રાધાન્ય આપ્યું તે બિરદાવવાને લાયક છે. સૌ સાથે મળીને સફાઈ અભિયાનમાં જોડાશુ તો આગામી એક માસમાં દિવાળી સુધીમાં આપણુ વાપી એકદમ સ્વચ્છ અને સુંદર વાપી બની જશે એવો વિશ્વાસ છે. આ સફાઈ અભિયાનમાં વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતીશ પટેલ, લાઈટ એન્ડ ફાયર વિભાગ ચેરમેન રણજીત પટેલ, સામાજિક અને કલ્યાણ સમિતિના ચેરમેન ટીના હળપતિ, ટાઉન પ્લાનિંગ સમિતિના ચેરમેન મિત્તલ શાહ, કાઉન્સિલર બિમલ શાહ, કાઉન્સિલર વિપુલચંદ્ર પટેલ, મ્યુનિસિપલ કમિશનર એન એફ ચૌધરી (IAS), નાયબ મ્યુનિસિપલ કમિશ્નર વિશાલ પટેલ તથા કિરણ રણા, સિટી ઈજનેર જતીન પટેલ અને આહવા ડાંગના સંગઠનના પ્રભારી શિલ્પેશ દેસાઈ સહિતના અધિકારી અને પદાધિકારીઓએ હાજર રહી સફાઈ અભિયાનમાં જોડાઈને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.

### ઊર્જાયાત્રામાં ગુજરાતની ઐતિહાસિક પહેલ

# ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (GSECL) અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમિટેડ (NPCIL) વચ્ચે ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ માટે સમજૂતી કરાર

- GSECL પ્રથમવાર ન્યુક્લિયર પાવર ક્ષેત્રે પ્રવેશ કરશે
- ધુવારણ ખાતે આશરે ૪૦૦૦ મેગાવોટ ક્ષમતાનો પ્રોજેક્ટ
- આશરે રૂ.૧ લાખ કરોડના રોકાણની દિશામાં મહત્વપૂર્ણ પગલુ



કમલમ્,ગાંધીનગર
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ સમગ્ર દેશમાં ઊર્જા ક્ષેત્રે નવીનતમ પહેલ હાથ ધરવામાં આવી છે. ગુજરાત સરકારમાં પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ અનેકવિધ પહેલ હાથ ધરાઈ છે. ગુજરાતની ઊર્જા સુરક્ષાને વધુ મજબૂત બનાવવાની તથા સ્વચ્છ અને વિશ્વસનીય ઊર્જાના વિકાસને વેગ આપવાની દિશામાં રાજ્ય સરકારે આજે મહત્વપૂર્ણ પહેલ કરી છે અને છ દાયકાથી વધુ સમય બાદ ગુજરાતની ધરતી પર નવા ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટનાં મંડાણ થવા જઈ રહ્યાં છે. આ દિશામાં, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (GSECL) અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમિટેડ (NPCIL) વચ્ચે ગુજરાતમાં નવા ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટના વિકાસ માટે ઐતિહાસિક સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યો છે. ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્રસચિવશ્રી અને GSECLના ચેરમેનશ્રી અશ્વિની કુમાર (IAS) તથા NPCILના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરશ્રી વી. રાજેશની ઉપસ્થિતિમાં આ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ તમામ પરમાણુ પ્રોજેક્ટ્સ 'શાંતિ એક્ટ, ૨૦૨૫' અંતર્ગત સંચાલિત થશે, જેના નિયમો તાજેતરમાં ૧૪ ઑગસ્ટ ૨૦૨૬ના રોજ પ્રકાશિત કરાયા છે. આ સુરક્ષા કાયદા અન્વયે પરમાણુ પાવર પ્લાન્ટનું નિર્માણ, ઈંધણ ઉત્પાદન અને પરમાણુ સામગ્રીના સંચાલન માટે માત્ર કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરાયેલા સરકારી વિભાગો, કંપનીઓ અથવા સંયુક્ત સાહસો માટે જ લાઈસન્સ મેળવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ MoUની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે ગુજરાત સરકારની વીજ ઉત્પાદન કંપની GSECL પ્રથમવાર ન્યુક્લિયર પાવર ક્ષેત્રમાં પ્રવેશ કરશે. ગુજરાતે સૌર, પવન અને અન્ય નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કર્યા બાદ હવે ન્યુક્લિયર ઊર્જાના ક્ષેત્રે પણ પહેલ કરી છે. આ કરાર ગુજરાતની ઊર્જા યાત્રામાં ઐતિહાસિક સીમાચિહ્ન સાબિત થશે અને રાજ્યને સ્વચ્છ તથા સ્થિર બેઝલોડ વીજળી ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ધુવારણ ખાતે આશરે ૪૦૦૦ મેગાવોટ ક્ષમતાનો પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટથી ગુજરાતની વીજ ઉત્પાદન ક્ષમતામાં આશરે ૪૦૦૦ મેગાવોટનો નોંધપાત્ર વધારો થશે અને આનાથી આશરે રૂ.૧ લાખ કરોડનું સંભવિત રોકાણ થશે. આ પ્રોજેક્ટથી રોજગારી, ઔદ્યોગિક વિકાસ અને સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે તેમજ કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરીને ભારતના નેટ ઝીરો લક્ષ્યને બળ મળશે તથા ગુજરાતની ઊર્જા સુરક્ષા અને આત્મનિર્ભરતા વધુ મજબૂત બનશે.

નવીનીકરણીય ઊર્જાને મળશે પૂરક આધાર

ગુજરાતે વર્ષ-૨૦૩૦ સુધીમાં ૧૦૦ ગીગાવોટથી વધુ નવીનીકરણીય ઊર્જા ક્ષમતા સ્થાપવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. સૌર અને પવન ઊર્જા કુદરતી પરિબળો પર આધારિત હોવાથી વીજ ગ્રીડની સ્થિરતા માટે સતત ઉપલબ્ધ વીજ ઉત્પાદનના સ્રોતોનું મહત્વ વધે છે. ન્યુક્લિયર ઊર્જા સતત અને વિશ્વસનીય વીજળી પૂરી પાડવાની ક્ષમતા ધરાવતી હોવાથી તે નવીનીકરણીય ઊર્જાને પૂરક બની શકે છે.

આ MoU હેઠળ GSECL એ જમીન તથા સહાયક માળખાકીય સુવિધાઓનું મૂલ્યાંકન હાથ ધરવાનું રહેશે અને NPCIL દ્વારા સ્થળ સર્વેક્ષણ, તકનીકી અભ્યાસ અને જરૂરી નિષ્ણાત માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે. આગામી તબક્કાની કામગીરી સ્થળની તકનીકી અને આર્થિક વ્યવહારિકતા તથા જરૂરી વૈધાનિક મંજૂરીઓના આધારે નક્કી કરવામાં આવશે. આ પહેલ ગુજરાતની લાંબા ગાળાની ઊર્જા સુરક્ષાને વધુ મજબૂત બનાવવાની સાથે સ્વચ્છ, વિશ્વસનીય અને ઓછા કાર્બન ઉત્સર્જનવાળી ઊર્જા વ્યવસ્થાના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. GSECL અને NPCIL નું આ ઐતિહાસિક જોડાણ "વિકસિત ગુજરાતથી વિકસિત ભારત"ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ઊર્જા ક્રાંતિનું નવું પ્રકરણ લખશે.

# ગાંધી જ્યંતિ નિમિત્તે સિદ્ધપુરમાં પૂજ્ય બાપૂને ભાવાંજલિ

### સત્ય, અહિંસા અને સ્વચ્છતાના માર્ગ પર ચાલવાનો સંકલ્પ - નગરપાલિકા શોપિંગ સેન્ટર ખાતે ભાવસભર કાર્યક્રમ

**ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે ગાંધી પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી ભાવપૂર્વક નમન કર્યા હતા**




કમલમ્,સિદ્ધપુર
તા. ૦૨ ઓક્ટોબર ૨૦૨૬ આજરોજ સમગ્ર દેશ જ્યારે રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતિની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે સિદ્ધપુર ખાતે પણ ભાવસભર રીતે ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સિદ્ધપુર નગરપાલિકા બાજુમાં આવેલ મ્યુનિસિપલ કોર્પોરેશન શોપિંગ સેન્ટર ખાતે સ્થાપિત પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સિદ્ધપુરના લોકલાડીલા ધારાસભ્ય શ્રી બલવંતસિંહજી રાજપૂતે પુષ્પહાર અર્પણ કરી ભાવપૂર્વક નમન કર્યા હતા અને બાપુના ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ સંબોધનમાં જણાવ્યું હતું કે, "પૂજ્ય બાપુએ સત્ય, અહિંસા, સ્વચ્છતા અને માનવતાના જે વિચારો આપ્યા છે, તે આજે પણ સમગ્ર વિશ્વને શાંતિ અને સદભાવનાનો માર્ગ દર્શાવે છે. તેમનું જીવન એ જ એક સંદેશ છે. તેમના જીવનમૂલ્યોને આત્મસાત કરીને સમાજ અને રાષ્ટ્રના કલ્યાણ માટે સતત કાર્યરત રહેવાનો આપણે સૌએ સંકલ્પ લેવો જોઈએ." તેમણે વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગાંધીજીના સ્વચ્છતાના સ્વપ્નને 'સ્વચ્છ ભારત મિશન' દ્વારા સાકાર કર્યું છે, જે આપણા સૌ માટે પ્રેરણારૂપ છે. આ અવસરે ઉપસ્થિત સૌ મહાનુભાવોએ પૂજ્ય બાપુના અવિસ્મરણીય યોગદાનનું સ્મરણ કરી તેમને કોટિ-કોટિ વંદન અર્પણ કર્યા હતા અને ગાંધી વિચારોને જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ ભાવાંજલિ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, શહેર ભાજપ પ્રમુખશ્રી, એપીએમસી ચેરમેનશ્રી, જિલ્લા મંત્રીશ્રી, તાલુકા અને શહેર મહામંત્રીશ્રીઓ, નગરપાલિકાના સદસ્યશ્રીઓ, મહિલા મોરચો, યુવા મોરચો, ભાજપ સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તા મિત્રો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં બી.ટી.સવાણી કિડની હોસ્પિટલની મુલાકાત લેતા રાજયકક્ષાના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

### ૧૦૮ ઈમરજન્સી સેવાની શરૂઆત માત્ર ૧૪ એમ્બ્યુલન્સથી થઈ હતી, જે આજે વટવૃક્ષ બનીને અંદાજે ૧૫૦૦ એમ્બ્યુલન્સના વિશાળ નેટવર્ક સાથે ગુજરાતભરમાં કાર્યરત છે : મંત્રીશ્રી

**મંત્રીશ્રીએ આરોગ્ય સુવિધાઓનું નિરીક્ષણ કરીને જરૂરી સૂચનો આપ્યા : દર્દીઓને સ્વાસ્થ્ય વિશે ખબરઅંતર પૂછીને સંવેદના દાખવી**




કમલમ્,રાજકોટ
ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ રાજકોટ શહેરના યુનિવર્સિટી રોડ પર સ્થિત બી.ટી.સવાણી કિડની હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે હોસ્પિટલ દ્વારા દર્દીઓને પૂરી પાડવામાં આવતી આરોગ્યલક્ષી સુવિધાઓની સમીક્ષા કરી હતી. રાજ્યકક્ષાના મંત્રીશ્રીએ હોસ્પિટલ ખાતે ડાયાલિસિસ વિભાગ, રોબોટિક સર્જરી યુનિટ, પુરુષ તથા સ્ત્રીઓ માટેના જનરલ વિભાગ, ઓપરેશન થિયેટર, આઈ.સી.યુ., કિડની ટ્રાન્સપ્લાન્ટ વિભાગ તેમજ નિર્માણાધીન મલ્ટી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ સેન્ટરનું નિરીક્ષણ કરીને ઉપલબ્ધ તબીબી સાધનો, દવાઓનો સ્ટોક અને દર્દીઓની સારવાર પદ્ધતિ અંગે સંબંધિત અધિકારીઓ તથા તબીબોને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને સ્વાસ્થ્ય વિશે ખબરઅંતર પૂછીને સંવેદના દાખવી હતી. આ પછી હોસ્પિટલના બોર્ડ રૂમ ખાતે મંત્રીશ્રીની હોસ્પિટલના ટ્રસ્ટીઓ અને તબીબી ટીમ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં જન-આરોગ્યના વિવિધ મુદ્દાઓ, સરકારી આરોગ્ય યોજનાઓનો લાભ છેવાડાના દર્દીઓ સુધી પહોંચાડવા અને ગુણવત્તાયુક્ત કીડની સારવાર ઉપલબ્ધ કરાવવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં મંત્રી શ્રી એ જણાવ્યું હતું કે, દર્દીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ પરિસરમાં સ્વચ્છતા જળવાય રહે, તે માટે આરોગ્ય ખાતા દ્વારા સિવિલ હોસ્પિટલોમાં હાઉસકીપિંગ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. તેમણે સરકારની આરોગ્ય સેવાઓ બાબતે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ દર્દીઓને ડાયાલિસિસ સહિતની સારવાર પૂરી પાડવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વ્યક્તિ જન્મે ત્યારથી સંપૂર્ણ જીવન જીવે ત્યાં સુધી જરૂરી તમામ તબીબી સહાય પૂરી પાડવામાં આવે છે, જેના માટે સરકાર બજેટમાં પણ બહોળું ભંડોળ ફાળવે છે. મંત્રીશ્રીએ ૧૦૮ સેવા અંગે જણાવ્યું હતું કે, રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી સેવાની શરૂઆત લગભગ માત્ર ૧૪ એમ્બ્યુલન્સથી થઈ હતી, જે આજે વટવૃક્ષ બનીને અંદાજે ૧૫૦૦ જેટલા એમ્બ્યુલન્સ વાહનોના વિશાળ નેટવર્ક સાથે સમગ્ર ગુજરાતમાં કાર્યરત છે. હાલમાં સરેરાશ દર સાડા બાર મિનિટે એક કોલ પ્રાપ્ત કરીને ૧૦૮ સેવાની ટીમ પીડિત સુધી ત્વરિત પહોંચીને તબીબી સહાય પૂરી પાડે છે. વિદેશ સાથે સરખામણી કરતા ગુજરાતની આ ઈમરજન્સી રીસપોન્સ સેવા અત્યંત ઝડપી સાબિત થઈ છે. આ તકે ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી આર. આર. ફૂલમાળી, આરોગ્ય અધિકારી શ્રી પી.કે. સિંઘ, કિડની ઈન્સ્ટિટ્યૂટના ચેરમેન શ્રી નાનુભાઈ મકવાણા, અગ્રણી શ્રી વિજયભાઈ ડોબરીયા સહિત ટ્રસ્ટીઓ, તબીબો અને મેડિકલ સ્ટોરના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

૧ ઓક્ટોબરથી ખાંડની નવી સીઝન શરૂ થવાની સાથે, ભારત સરકારે તહેવારોની સીઝનમાં ગ્રાહકોને વાજબી ભાવે ખાંડની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટેના પગલાંને વધુ મજબૂત બનાવ્યા છે. સરકારે ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ થી ૩૦ નવેમ્બર ૨૦૨૬ સુધી, કોલકાતા અને તેના વિસ્તૃત મેટ્રોપોલિટન વિસ્તારો અને આસામ રાજ્ય સિવાય, ખાંડના વેપારીઓ માટે સ્ટોક રાખવાનો સમયગાળો ઘટાડીને ૧૫ દિવસ કર્યો છે અને સ્ટોક હોલ્ડિંગની મર્યાદા ૧,૦૦૦ ક્વિન્ટલ નક્કી કરી છે. સુધારેલી જોગવાઈઓ હેઠળ, ૧૫ ઓક્ટોબર ૨૦૨૬થી લાગુ થાય તે રીતે, ખાંડના વેપારીએ:

સ્ટોક મળ્યાની તારીખથી ૧૫ દિવસથી વધુ સમયગાળા માટે ખાંડનો સ્ટોક રાખવો નહીં. દેશભરમાં કોઈપણ સમયે અને કોઈપણ સ્થળે ૧,૦૦૦ ક્વિન્ટલથી વધુ ખાંડનો સ્ટોક રાખવો નહીં. પ્રદેશની વિશિષ્ટ બજાર જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, કોલકાતા અને તેના વિસ્તૃત મેટ્રોપોલિટન વિસ્તારો તથા આસામ રાજ્ય માટે સ્ટોક હોલ્ડિંગની મર્યાદા ૨,૦૦૦ ક્વિન્ટલ નક્કી કરવામાં આવી છે. કોલકાતા ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાંથી ખાંડ મેળવે છે અને ઉત્તર-પૂર્વીય પ્રદેશ સહિત દેશના પૂર્વીય ભાગમાં તેનો પુરવઠો પૂરો પાડે છે. આસામ માટે ઉચ્ચ મર્યાદા ભૌગોલિક મર્યાદાઓ, પરિવહન લોજિસ્ટિક્સ અને ઉત્તર-પૂર્વીય પ્રદેશમાં ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને પૂરી પાડવામાં આવી છે.

સુધારેલા નિયમોનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે વિતરણ શ્રૃંખલામાં ખાંડનો અનાવશ્યક સંચય ન થાય અને સુગમ રીતે ખાંડની મિલોમાંથી વેપારીઓ દ્વારા પુરવઠો આગળ વધે અને આખરે અંતિમ ગ્રાહક સુધી પહોંચે. આ માપદંડનો મુખ્ય ઉદ્દેશ્ય સંગ્રહખોરી પર વધુ અંકુશ લાવવા, સટ્ટાકીય વેપારને અને વેપારીઓ દ્વારા ખાંડના સ્ટોકના સંગ્રહને રોકવાનો છે. ખાંડ રાખી શકાય તેટલા જથ્થા અને સમયગાળાને મર્યાદિત કરીને, સરકાર સપ્લાય ચેઈન દ્વારા ખાંડની વ્યવસ્થિત હેરફેરને સરળ બનાવવા અને ગ્રાહકોને વાજબી ભાવે તેની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માંગે છે.

ખાંડના છૂટક ભાવમાં ૧૫%નો ઘટાડો

ખાંડના સરેરાશ છૂટક ભાવમાં ઓગસ્ટના તેના સર્વોચ્ચ સ્તરથી ૧૫ ટકાનો ઘટાડો થયો છે અને લોઅર એક્સ-મિલ ભાવનો લાભ સપ્લાય ચેઈન દ્વારા આગળ વધતાં તેમાં વધુ ઘટાડો થવાની ધારણા છે. એક્સ-મિલ ખાંડના ભાવમાં આશરે ૨૮ ટકાનો ઘટાડો થયો છે અને છેલ્લા ત્રણ અઠવાડિયાથી તે સ્થિર રહ્યા છે. આ ઘટાડો ખાંડની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને બજાર દ્વારા તેની વ્યવસ્થિત અવરજવરને સરળ બનાવવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા વિવિધ પગલાંની અસર દર્શાવે છે.

# મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભરતાને વેગ આપવા રાજ્યકક્ષાના મંત્રી ડૉ. મનીષાબેન વકીલના હસ્તે ઉદ્ઘાટન

કમલમ્,વડોદરા,

ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. અને વડોદરા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતે આજથી 'સરસ મેળા-૨૦૨૬'નો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો છે. રાજ્યના મહિલા અને બાળ વિકાસ તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી ડૉ. મનીષાબેન વકીલના હસ્તે દીપ પ્રાગટ્ય અને રિબિન કાપીને આ મેળાને લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. તા.૦૧ ઓક્ટોબરથી શરૂ થયેલો આ અનોખો મેળો આગામી ૦૫ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ચાલશે. આ 'સરસ મેળા-૨૦૨૬' માં રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા સ્વસહાય જૂથ અને સખી મંડળોના કુલ ૩૦ જેટલા સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે, જેમાં વાંસની આકર્ષક હાથબનાવટની વસ્તુઓ, શણગારની ચીજવસ્તુઓ, પરંપરાગત હાથવણાટના કાપડ તથા અન્ય ગૃહઉદ્યોગની પ્રોડક્ટ્સ પ્રદર્શન અને વેચાણ માટે મૂકવામાં આવી છે. આ ઉદ્ઘાટન પ્રસંગે મહિલા અને બાળ વિકાસ રાજ્યમંત્રી ડૉ. મનીષાબેન વકીલે સમૂહ માધ્યમો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા માટે આ પ્રકારના આયોજનો ખૂબ જ આવશ્યક છે.

તેમણે વડોદરાના નગરજનો અને ખાસ કરીને સેન્ટ્રલ બસ સ્ટેશન પર આવતા મુસાફરોને વિશેષ અપીલ કરી હતી કે તેઓ થોડો સમય ફાળવીને આ મેળાની મુલાકાત અવશ્ય લે અને સખી મંડળોની બહેનો દ્વારા બનાવાયેલી વસ્તુઓની ખરીદી કરે, જેથી આ બહેનો આર્થિક રીતે વધુ સશક્ત અને આત્મનિર્ભર બની શકે. ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણની દિશામાં એક નક્કર કદમ ઉઠાવતા, આ કાર્યક્રમમાં દિનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત કુલ પાંચ જેટલા લાભાર્થી સખી મંડળોને આર્થિક સહાય પૂરી પાડવાના હેતુથી કેશ ક્રેડિટ લોનનું વિતરણ પણ મંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ મહિલા મંડળોને રૂપિયા ૪ લાખ, ૬ લાખ અને ૧૫ લાખ સુધીની રકમના કેશ ક્રેડિટ લોનના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મંત્રી ડૉ. મનીષાબેન વકીલે સરસ મેળાના વિવિધ સ્ટોલ્સની રૂબરૂ મુલાકાત લઈને ઝીણવટપૂર્વક વસ્તુઓનું નિરીક્ષણ કર્યું હતું અને સ્ટોલધારક બહેનો સાથે અત્યંત સ્નેહપૂર્વક વાર્તાલાપ કરી તેઓની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી હતી. આ ઉદ્ઘાટન સમારોહમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી આનંદ પાટીલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી હિમાંશુ પારેખ સહિત અન્ય પદાધિકારીઓ, અધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધરમપુરમાં સેવા સંકલ્પ અભિયાન હેઠળ સશસ્ત્ર દળ સેવા સન્માન સમારોહ યોજાયો

**દેશની સુરક્ષા માટે સૈનિકોનું યોગદાન કોઈ શબ્દોથી મૂલવી શકાય તેમ નથી: ધારાસભ્ય અરવિંદ પટેલ**



કમલમ્,વલસાડ,

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તેમજ વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વીર જવાનોના સન્માનમાં સશસ્ત્ર દળ સેવા સન્માન સમારોહ -૨૦૨૬ કાર્યક્રમ આદર્શ નિવાસી શાળા ધરમપુર ખાતે યોજાયો હતો. જેમાં ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, પ્રાંત અધિકારી ધરમપુર ડૉ.રીતીકા આઈમા, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિમાલી જોષી, માજી સૈનિક સેવા ફાઉન્ડેશન સંગઠન પ્રમુખ નવીનચંદ્ર પટેલ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ યોજાનાર સેવા સંકલ્પ અભિયાન અંતર્ગતના વિવિધ કાર્યક્રમો થકી આપણા દેશનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. સૈનિકો પ્રત્યે આદરભાવ વ્યક્ત કરતા તેમણે વધુમાં જણાવ્યું કે, દેશની શાંતિ, સલામતી, પ્રગતિ અને વિકાસના પાયામાં આ દેશના સૈનિકોની શહાદત અને શૌર્ય રહેલું છે. સૈનિકોના દેશ માટેના આ યોગદાનના કારણે આજે દેશ સન્માન સાથે ટટ્ટાર ઊભો છે અને વિશ્વની મહાશક્તિ બનવાનું સ્વપ્ન જોઈ રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, દેશની સુરક્ષા માટે ચટ્ટાન બની ઊભા રહેતા સૈનિકોના કારણેજ આ દેશમાં શાંતિ અને હળવાશ અનુભવી શકાય છે. સૈનિકોનું આ યોગદાન કોઈ શબ્દોથી મૂલવી શકાય તેમ નથી. સૈનિકો માટેના આ ખાસ કાર્યક્રમને ધારાસભ્ય દ્વારા બિરદાવવામાં આવ્યો તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં માજી સૈનિકો ઉપસ્થિત રહ્યા હતા જેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ધરમપુરના કાકડકુવા ગામમાં આંગણ મિલન સેવા કાર્યક્રમ યોજાયો

**લાભાર્થીઓ દ્વારા આંગણવાડી કેન્દ્રની સેવાઓ અંગે પોતાના પ્રતિભાવો પણ રજૂ કરવામાં આવ્યા**



કમલમ્,વલસાડ

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત વલસાડ જિલ્લાના ધરમપુર ઘટક-૨ના કાકડકુવા આમલી ફળિયા આંગણવાડી કેન્દ્ર ખાતે આજે "આંગણ મિલન સેવા કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આંગણવાડી કેન્દ્ર સાથે જોડાયેલા લાભાર્થીઓ, વાલીઓ, ગ્રામજનો તથા વિવિધ વિભાગના પ્રતિનિધિઓ વચ્ચે સંવાદ અને સેવાઓ અંગે જાગૃતિ વધારવાનો હતો. કાર્યક્રમમાં ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, તાલુકા પંચાયતસદસ્ય, બાળ વિકાસ યોજના અધિકારી, મહિલા મોરચા મંત્રી, સરપંચ, પંચાયત સભ્યો, આચાર્ય તથા ગામના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન આંગણવાડી કેન્દ્ર મારફતે આપવામાં આવતી વિવિધ સેવાઓ અને યોજનાઓ અંગે ઉપસ્થિત લાભાર્થીઓ તથા ગ્રામજનોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે લાભાર્થીઓને THR (Take Home Ration)નું વિતરણ કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓ દ્વારા આંગણવાડી કેન્દ્રની સેવાઓ અંગે પોતાના પ્રતિભાવો પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઉત્કૃષ્ટ કામગીરી અને સહભાગિતાને પ્રોત્સાહન આપવા માટે પ્રશસ્તિપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પત્ર વાંચન પણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ આંગણવાડી કેન્દ્ર દ્વારા બાળકો, સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓને આપવામાં આવતી સેવાઓના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું તથા તમામ લાભાર્થીઓને આંગણવાડીની સેવાઓનો નિયમિત લાભ લેવા અનુરોધ કર્યો હતો. આંગણ મિલન સેવા કાર્યક્રમથી આંગણવાડી કેન્દ્ર અને ગ્રામજનો વચ્ચેનો સીધો સંવાદ વધુ મજબૂત બન્યો હતો. કાર્યક્રમના સફળ આયોજનમાં આંગણવાડી કાર્યકર, તેડાગર બહેન તથા સંબંધિત સ્ટાફ અને ગ્રામજનોનો સહયોગ રહ્યો હતો.

# "સ્વચ્છતા હી સેવા" અંતર્ગત વિશાળ સફાઈ શ્રમદાન અભિયાન યોજાયું

**મંત્રીશ્રી નરેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગ્લો ગાર્ડનથી શાકભાજી માર્કેટ સુધી હાથ ધરાઈ સઘન સફાઈ ઝુંબેશ**



કમલમ્,નવસારી

"સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત નવસારી શહેરના શોપિંગ માર્કેટ નજીક આવેલ દુધિયા તળાવ શાકભાજી માર્કેટ વિસ્તારમાં વિશાળ સફાઈ શ્રમદાન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબીનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલની ખાસ ઉપસ્થિતિ રહી હતી, મંત્રીશ્રી નરેશભાઈ પટેલ તેમજ અન્ય મહાનુભાવોએ પોતે શ્રમદાન કરીને નાગરિકોને સ્વચ્છતાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. ગ્લો ગાર્ડનથી શાકભાજી માર્કેટ સુધીના માર્ગો અને જાહેર સ્થળો પરથી સઘન સફાઈ કરી કચરાનું યોગ્ય વ્યવસ્થાપન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન બજાર વિસ્તારોમાં કચરો જાહેર સ્થળે ન ફેંકવા, ભીનો અને સૂકો કચરો અલગ કરવા તેમજ સ્વચ્છતાને દૈનિક જીવનનો ભાગ બનાવવા અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ અભિયાનને શહેરના તમામ ૧૩ વોર્ડ સુધી વિસ્તારીને મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓની આગેવાની હેઠળ વિસ્તૃત સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે મેયરશ્રી અશોકભાઈ ધોરાજીયા, ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ, સંગઠન પ્રમુખશ્રી ભૂરાલાલ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી જયેશ ઉપાધ્યાય, નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, વિવિધ વિસ્તારોના કોર્પોરેટરશ્રીઓ તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મંત્રીશ્રી નરેશભાઈ પટેલ અને કલેક્ટર શ્રી મનીષ ગુરવાણીની ઉપસ્થિતિમાં સશસ્ત્ર સૈનિક સન્માન સમારોહ યોજાયો

**૨૦૨૫-૨૬ના વર્ષમાં 'સશસ્ત્ર સેના દવજ દિન' ફંડમાં એકત્રિત ફાળા દ્વારા નવસારી જિલ્લાના નાગરિકોએ સૈનિકો પ્રત્યે ઋણ અદા કર્યું**



નાગરિકો-ખાનગી-સરકારી વિભાગો, સંસ્થાઓને મહત્તમ આર્થિક યોગદાન આપી દેશના રક્ષકો પ્રત્યેનું ઋણ અદા કરવાનો અનુરોધ કરતા મંત્રીશ્રી અને કલેક્ટરશ્રી

કમલમ્,નવસારી

મા ભોમની રક્ષા માટે દિન-રાત ખડેપગે રહી દેશના સીમાડાઓની સુરક્ષા કરનારા વીર જવાનો તથા તેમના પરિવારજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા દર વર્ષે 'તા.૭મી ડિસે.-સશસ્ત્ર સેના ધ્વજ દિન'ની ઉજવણી કરવામાં આવે છે. મદ્રેસા હાઈસ્કૂલ, નવસારી ખાતે આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તથા નવસારી જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાણીની સહ-અધ્યક્ષતામાં વિશિષ્ટ સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળમાં ઉત્કૃષ્ટ ફાળો આપનાર તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, ઔદ્યોગિક એકમો, ખાનગી સંસ્થાઓ અને શૈક્ષણિક એકમોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, નવસારી જિલ્લાના નાગરિકો અને સંસ્થાઓ તેમની રાષ્ટ્રભક્તિ અને ઉદારતા માટે જાણીતા છે. પૂર્વ સૈનિકો અને તેમના પરિવારોના કલ્યાણ અર્થે વધુને વધુ ભંડોળ એકત્ર થાય તે માટે 'સશસ્ત્ર સેના ધ્વજ દિન'ના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવી જરૂરી છે. દેશની રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા સૈનિકો અને તેમના પરિવારના સુરક્ષિત જીવનનિર્વાહ માટે સમાજ તરીકે આપણી સહિયારી જવાબદારી નિભાવવા કલેક્ટરશ્રીએ નવસારીના તમામ નાગરિકો તેમજ સરકારી-ખાનગી સંસ્થાઓને ઉદાર હાથે ફાળો આપવા અનુરોધ કર્યો હતો. આ સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, સંગઠનના પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ, માજી ધારાસભ્ય પીયુષભાઈ દેસાઈ, શીતલબેન સોની, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના અધિકારીઓ, વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ/કર્મચારીઓ, મદ્રેસા હાઈસ્કૂલ પરિવારના સભ્યો તથા સ્થાનિક આગેવાનો અને નાગરિકો હાજર રહ્યા હતા.

# ગુજરાતના સપૂત કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીને સમગ્ર વિશ્વ સલામ કરી રહ્યું છે: જીતુભાઈ વાઘાણી



કમલમ્,અમદાવાદ

ઈઝરાયલ ફ્લાઈટમાં સર્જાયેલી ગંભીર પરિસ્થિતિ દરમિયાન પોતાના જીવની પરવા કર્યા વિના અદમ્ય સાહસ અને સમયસૂચકતા દાખવીને ૧૭૪ મુસાફરોના જીવન બચાવનાર ગુજરાતના સપૂત કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીને સમગ્ર વિશ્વ સલામ કરી રહ્યું છે. આ અંગે ગુજરાતના કૃષિ મંત્રી તથા રાજ્ય સરકારના પ્રવક્તા શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, "ગુજરાતના સપૂત અને ભારતના ગૌરવ સમાન કેપ્ટન સ્મિત મચ્છરે જે સાહસ અને શૌર્ય બતાવ્યું છે તે સમગ્ર દેશ માટે ગૌરવની વાત છે. ગંભીર રીતે ઘાયલ હોવા છતાં તેમણે હિંમત ન હારી અને પોતાની ફરજને સર્વોપરી રાખીને ૧૭૪ મુસાફરોના જીવનની રક્ષા કરી." શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કેપ્ટન સ્મિત મચ્છરની આ બહાદુરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ બિરદાવી છે. આ ઘટના ભારતની 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના અને માનવતાના મૂલ્યોને વધુ મજબૂત બનાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર અને ભારતીય જનતા પાર્ટી હંમેશા માનવતા, સેવા અને રાષ્ટ્રહિતના મૂલ્યોને પ્રાધાન્ય આપી રહી છે. શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, "જે વીર સપૂતે પોતાની હિંમતથી અનેક લોકોના જીવ બચાવ્યા છે, તેમના ઝડપથી સંપૂર્ણ સ્વસ્થ થવા માટે આજે સમગ્ર ગુજરાત પ્રાર્થના કરી રહ્યું છે." કર્ણાવતી મહાનગર ભારતીય જનતા પાર્ટીના શહેર સંગઠન, સૌ ધારાસભ્યશ્રીઓ, તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા નગર દેવી ભદ્રકાળી માતાજીના સાનિધ્યમાં કેપ્ટન સ્મિત મચ્છરની ઝડપથી સ્વસ્થતા અને તેમના ઉત્તમ આરોગ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી. કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીએ માત્ર ૧૭૪ મુસાફરોના જીવનને સુરક્ષિત જ બનાવ્યા નથી, પરંતુ વિશ્વ સમક્ષ ભારતીય શૌર્ય, કર્તવ્યનિષ્ઠા અને માનવતાનું ઉદાહરણ પણ રજૂ કર્યું છે. સમગ્ર ગુજરાત અને દેશ તેમના સાહસને ગૌરવપૂર્વક યાદ કરી રહ્યો છે અને તેમના ઝડપથી સ્વસ્થ થવાની હૃદયપૂર્વક પ્રાર્થના કરી રહ્યો છે.

# મંત્રીશ્રી નરેશભાઈ પટેલના વરદ હસ્તે ૧૦-દિવસીય સ્વદેશી હસ્તકલા હાટ પ્રદર્શન-સહ-વેચાણ મેળાનો પ્રારંભ

**સ્થાનિક કારીગરોના સશક્તિકરણ અને સાંસ્કૃતિક વારસાના સંવર્ધન માટે લોકોને વસ્તુઓ ખરીદવાની અપીલ કરતા મંત્રીશ્રી**



કમલમ્,નવસારી

ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગના નેજા હેઠળ ઇન્ડેક્સ્ટ-સી (ઈન્ડસ્ટ્રીયલ એક્સ્ટેન્શન કોટેજ) દ્વારા સુશાસનના ૨૫ વર્ષની ઉજવણી અને નવરાત્રી ઉત્સવ તેમજ આગામી સમયમાં આવનારા તહેવારો અંતર્ગત તા. ૦૧-૧૦-૨૦૨૬થી ૧૦-૧૦-૨૦૨૬ સુધી દિન-૧૦ માટે દાબુ લો કોલેજ હોસ્ટેલ ગ્રાઉન્ડ, નવસારી ખાતે "સ્વદેશી હસ્તકલા હાટ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબીનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના વરદ હસ્તે સ્વદેશી હસ્તકલા હાટ પ્રદર્શન અને વેચાણ મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન-સહ-વેચાણ મેળામાં રાજ્યના અંતરિયાળ વિસ્તારોના કુલ ૬૦ જેટલા વ્યક્તિગત કારીગરો, હસ્તકલા-હાથશાળ મંડળીઓ, સ્વસહાય જૂથો, સખી મંડળો, કલસ્ટર્સ અને સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO) ભાગ લઈ રહ્યા છે. સવારે ૧૧:૦૦ થી રાત્રિના ૦૯:૦૦ કલાક સુધી કાર્યરત રહેનાર આ હાટમાં કચ્છી ભરતકામ, બાંધણી, બામ્બુવર્ક, લેધરવર્ક, ઈમીટેશન જ્વેલરી, પેચવર્ક, વુડનવર્ક, મોતીકામ અને માટીકામ જેવી અનેક ભાતીગળ ચીજવસ્તુઓ સીધી કારીગરો પાસેથી મેળવવાની ઉત્તમ તક પૂરી પાડવામાં આવી છે. કેબીનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે ઉદ્ઘાટન વેળાએ તમામ કલાપ્રેમી જનતાને આ હાટની મુલાકાત લઈ સ્વદેશી કારીગરોના આર્થિક સશક્તિકરણમાં સહભાગી થવા અને પ્રોત્સાહિત કરવા સૌને અપીલ કરી હતી. આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં નવસારી ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિરાલીબેન નાયક, મેયર શ્રી અશોકભાઈ ધોરાજીયા, ડેપ્યુટી મેયર શ્રીમતી કેયુરીબેન નાયક, ભુરાભાઈ શાહ તેમજ નવસારીના અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# માનનીય કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના વરદ હસ્તે ખેતી બેંકની WhatsApp બેંકિંગ અને મોબાઈલ બેંકિંગ સેવાઓનો શુભારંભ

**'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ—સેવા સાથે સંવેદનાનો સંકલ્પ**



કમલમ્,અમદાવાદ

ગુજરાત સરકારના માનનીય કૃષિ અને સહકાર વિભાગના કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ખેતી બેંકની વડી કચેરી, અમદાવાદની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમના વરદ હસ્તે WhatsApp બેંકિંગ અને મોબાઈલ બેંકિંગ સેવાઓનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સભ્યો માટે બેંકિંગ સેવાઓ વધુ સરળ અને સુલભ બનાવવાની દિશામાં આ પહેલ બેંકની સેવાયાત્રાનું મહત્વપૂર્ણ પગલું છે. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય શ્રી અમિતભાઈ શાહના 'સહકારથી સમૃદ્ધિ'ના વિચારથી પ્રેરિત ભાવના સાથે ખેતી બેંક પોતાની સેવા પરંપરાને આધુનિક ટેક્નોલોજી સાથે આગળ વધારવા પ્રયત્નશીલ છે. સેવાના માધ્યમો બદલાય, પરંતુ સભ્યો પ્રત્યેની આત્મીયતા અને વિશ્વાસ અખંડ રહે—આ ભાવના ડિજિટલ પહેલના કેન્દ્રમાં છે. મુલાકાત દરમિયાન માનનીય મંત્રીશ્રીએ ભારતમાતાની પ્રતિમાને પુષ્પ અર્પણ કરીને વંદન કર્યું હતું તથા બેંકના સ્થાપક યુવરાજશ્રી ઉદયભાણસિંહજી ની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે સંસ્થાના પાયામાં રહેલા સેવાભાવ અને અગાઉની પેઢીઓના યોગદાનને આદરપૂર્વક યાદ કરવામાં આવ્યું હતું. 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ 'એક પેડ મા કે નામ' અંતર્ગત માનનીય મંત્રીશ્રીના વરદ હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે જોડાયેલી આ પહેલની ભાવના અનુસાર માતા પ્રત્યેની કૃતજ્ઞતા અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીનો સંદેશ વ્યક્ત થયો હતો. માતાનો સ્નેહ જીવનને પોષે છે; વૃક્ષની છાંયડી આવતી પેઢીઓને આશ્રય આપે છે. માતાના નામે રોપાયેલું વૃક્ષ એ સ્નેહને સંભાળ અને જવાબદારી દ્વારા જીવંત રાખવાનો સુંદર સંકલ્પ છે. બેંકના ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, બોર્ડના ડિરેક્ટરશ્રીઓ અને અધિકારીશ્રીઓએ માનનીય મંત્રીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત અને સન્માન કર્યું હતું. મંત્રીશ્રીએ વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. બોર્ડરૂમમાં યોજાયેલા કાર્યક્રમમાં ચેરમેનશ્રીનું સ્વાગત પ્રવચન, બેંકની વિકાસયાત્રા દર્શાવતી ડોક્યુમેન્ટરી અને કામગીરી અંગેની પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. માનનીય મંત્રીશ્રીએ ઉપસ્થિત મહાનુભાવોને સંબોધન કર્યું હતું. માતૃભૂમિને વંદન, માતાના નામે વૃક્ષારોપણ અને સભ્યો માટે ડિજિટલ સેવાઓનો પ્રારંભ—આ પ્રસંગે સહકાર, સેવા અને સંવેદનાનો અર્થસભર સમન્વય જોવા મળ્યો હતો. કાર્યક્રમની પૂર્ણાહુતિ આભારવિધિ અને રાષ્ટ્રગીત સાથે થઈ હતી.

